વાઈબ્રન્ટ નજારો .. ગાબડાથી ઘેરાયેલી ફુટપાથ પર હવે ઠેર ઠેર ઉકરડા અસ્તિત્વમાં આવ્યા

ફુટપાથ પર ઠેર ઠેર અસ્તિત્વમાં આવેલા ગાબડા હજુ પુરાયા નથી : વોકીંગ કરવા નિકળતા સિનિયર સિટીઝન્સ પણ ગબડી પડતા હોવાના કિસ્સાઓથી સેકટરવાસીઓ આગ બબુલા : વોક વે પર સફાઇના અભાવે કચરાના ઢગ

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ વર્ષથી ફુટપાથની દશા બેઠી છે. કોર્પોરેશને વરસાદી પાણીના

નિકાલની લાઇન નાંખી ફુટપાથનુ આખુ નેટવર્ક વેરણછેરણ કરી દીધુ છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલી ફુટપાથ છેલ્લા ઘણાં સમયથી વોકીંગ કરવા માટે પણ સલામત નથી ફુટપાથ પર વોકીંગ કરનારા અનેકવાર ગબડી પડતા હોવાના પણ કીસ્સા છે. આગામી વાઇબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં ફુટપાથના રીપેરીંગ તેમજ કર્બિંગને કલર કરવાનુ કામ શરૂ કરી દેવાયુ છે બીજીતરફ સેકટરો સાથે જોડાયેલા વોક વે ગાબડા અને ગંદકીથી ઘેરાયેલો હોવાથી સેકટરવાસીઓ આગ બબુલા બન્યા છે.

ગાંધીનગરમાં વાઇબ્રન્ટ સમિટને અનુલક્ષી માર્ગ સુધારણા તેમજ સેન્ટ્રલ વર્જને નયનરમ્ય બનાવવા માટે તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જો કે વાઇબ્રન્ટ લુક આપવાની આ કામગીરી હજુ શહેરના મુખ્યમાર્ગો સુધી જ સિમિત છે. શહેરમાં છેલ્લા ત્રણ વર્ષથી વાઇબ્રન્ટ સમિટનુ પણ આયોજન કરવામાં આવ્યુ નથી જેના લીધે લાંબા સમયથી સર્કલો, ફુટપાથ તેમજ માર્ગોની હાલત અત્યંત ખરાબ છે. જયારે વન આરક્ષિત વિસ્તાર અને સેન્ટ્રલ વર્જમાં પણ ઠેર ઠેર ગાબડા અને ગંદકી જોવા મળી રહ્યા છે. શહેરમાં અંદાજિત ૯૫ કી મી ના ફુટપાથના નેટવર્કને અનુલક્ષીને અગાઉ પણ વારંવાર સફાઇ તેમજ રીપેરીંગનુ કામ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી હતી. પરંતુ જાળવણીના અભાવે વોક વે પર ઠેર ઠેર મોટા ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. શહેરના ઘણાં ખરા માર્ગો આસપાસની ફુટપાથ હજુ વોકીંગ કરનારા ગબડી પડે તેવી જોખમી હાલતમાં છે. શહેરમાં વાઇબ્રન્ટ સમિટને

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં ઠંડી ફરી આકરી બની : લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રી

ઠંડીનો પારો ૨.૫ ડીગ્રી ઉંચકાયો : મહત્તમ તાપમાનમાં પણ દોઢ ડીગ્રીનો ઘટાડો : દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે નગરજનોએ સુસ્તી અનુભવી : સવારે ભેજનુ પ્રમાણ પણ ૯૩ ટકા નોંધાયુ

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં આજે ફરી એકવાર મોસમમાં બદલાવ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન

આકાશમાં વાદળો છવાયેલા રહેતા વધતા ઠંડીના જોર સાથે નગરજનોએ સુસ્તીનો અહેસાસ કર્યો હતો. ગઇકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન ૨.૫ ડીગ્રી ઉંચકાતા ઠંડી ફરી એકવાર આકરી બની હતી. લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જયારે મહત્તમ તાપમાનમાં પણ ૧.૫ ડીગ્રીનો ઘટાડો રહ્યો હતો. ઠંડી આકરી બનતા જનજીવન પ્રભાવિત છે. સેકટરવાસીઓ ઠંડીથી બચવા ઘરની બહાર જવાનુ પસંદ કરતા નથી જયારે આગામી દિવસોમાં ઠંડીનો પારો ફરી સિંગ્લ ડીઝીટમાં પહોંચી જવાની પણ સંભાવના છે.

ગાંધીનગરમાં સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાયા બાદ છેલ્લા ત્રણ દિવસથી ધીમે ધીમે ઠંડીનો પારો ગગડી રહ્યો હતો. ચાર પાંચ દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન ૬.૫ ડીગ્રી નોંધાયુ હતુ જેના લીધે સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઇ હતી હતી. ઠંડીએ છેલ્લા નવ વર્ષનો રેકર્ડ તોડયો હતો સતત બે દિવસ સુધી રેકર્ડ બ્રેક તાપમાન રહ્યા બાદ ધીમે ધીમે વાતાવરણમાં ઠંડીનુ જોર હળવુ થતા સેકટરવાસીઓએ રાહત અનુભવી હતી. છેલ્લા બે દિવસથી ઠંડીનુ જોર ઘટી રહ્યુ હતુ જેના લીધે ગઇકાલે ઠંડીનો પારો ૧૨ ડીગ્રીમાંથી ૧૩.૫ સુધી પહોંચી ગયો હતો જયારે આજે અચાનક જ ઠંડીની મોસમમાં બદલાવ જોવા મળ્યો હતો. જેના અંતે લઘુત્તમ તાપમાન ૨.૫ ડીગ્રી ઉંચકાયુ હતુ અલબત્ત ઠંડી વધી હતી. લઘુત્તમ તાપમાન ૧૧ ડીગ્રી પહોંચી ગયુ હતુ. જેના લીધે શહેરીજનોએ સવારથી જ અસહ્ય ઠંડીનો અહેસાસ કર્યો હતો. આકરી ઠંડીની સાથે સવારે આકાશી નઝારો પણ બદલાયેલો જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ રહેતા નગરજનોએ પણ સુસ્તી અનુભવી હતી. ઠંડીમાં વધારા સાથે મોસમનો નઝારો પણ બદલાયો છે. જયારે સવારે અને સાંજે આકરી ઠંડી અનુભવતા નાગરિકો કોલ્ડવેવથી બચવા માટે ઘરમાં પુરાયેલા રેહવાનુ જ પસંદ કરી રહ્યા છે. બીજીતરફ ઠંડીનુ જોર વધવાની સાથે મહત્તમ તાપમાન પણ આજે દોઢ ડીગ્રી નીચે ઉતરી ગયુ હતુ જેના લીધે દિવસ દરમિયાન પણ સવારે માડા સુધી અને બપોર બાદ ઠંડીની અસર આકરી બની હતી. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે ૧૬ ડીગ્રીનો તફાવત રહ્યો હતો. આ ઉપરાંત સવારે ભેજનુ પ્રમાણ પણ નોંધપાત્ર વધી ગયુ હતુ. સવારના સમયે ભેજનુ પ્રમાણ ૯૩ ટકા રહ્યુ હતુ જેના લીધે વાદળિયા વાતાવરણ વચ્ચે ગમે ત્યારે માવઠુ થવાની સંભાવના પણ પ્રબળ બની હોવાનુ મોસમના નઝારા પરથી સ્પષ્ટ થયુ હતુ. લઘુત્તમ તાપમાનમાં સતત વધ ઘટ સાથે ઠંડીની મોસમ જામી છે. ગત દિવસોમાં ઠંડીનો પારો રેકર્ડ બ્રેક પોઝિશનમાં આવી ગયો હતો જયારે આજે પણ ઠંડી ૧૧ ડીગ્રીએ પહોંચી જતા આગામી દિવસોમાં ઠંડીનો પારો ફરી સિંગ્લ ડીઝીટમાં આવી જવાની સંભાવના છે. શહેરીજનો આકરી ઠંડીથી બચવા માટે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે જયારે ઠંડીથી બચવા માટે રાત્રિના સમયે સેકટરવાસીઓ ઘરમાં પુરાયેલા રહે છે.

સતત બીજે દિવસે શહેર-જિલ્લામાં કોરોનાનો વધુ એક-એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા.૨૬

સતત બીજે દિવસે ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના એક-એક કેસ નોંધાતા તંત્ર આખો દિવસ દોડતું રહ્યું હતું.

ગાંધીનગર શહેરમાં આજે વધુ એક કેસ નોંધાયો છે. આ કેસ સાથે શહેરમાં નોંધાયેલા કેસની સંખ્યા ૩૪ થઈ છે.

શહેરમાં સમાવિષ્ટ રાયસણ ગામમાંથી આજે એક વધુ કેસ ખાનગી નોકરી કરતા યુવાનનો મળી આવ્યો છે. ૨૯ વર્ષીય આ યુવાન અમદાવાદમાં તેની વડી કચેરીની મુલાકાતે ગયો હોવાનું જાણવા મળેલ છે.

આ યુવાને વેક્સિનના બંને ડોઝ લઈ લીધા છે. યુવાનને શરદી અને તાવ જણાતાં ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો જેમાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. આ યુવાન દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં આજે નોંધાયેલા એ કેસ સહિત હાલ ૧૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં જે ઝડપે કેસો વધી રહ્યા છે તે ત્રીજી લહેર આવશે તેવા સંકેતો આપી રહેલ છે. શહેરમાં હાલ મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જ્યારે ગાંધીનગર સીવીલમાં ૪ દર્દીઓ સારવાર હેઠળ છે.

તંત્રે હોમ આઈસોલેશનના નિયમોની અસરકારક અમલવારી તેમજ સોશ્યલ ડીસ્ટન્સીંગ જળવાઈ રહે અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી થાય તે માટે સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ આજે વધુ એક કેસ નોંધાયો છે. ગાંધીનગર શહેરને અડીને આવેલ મિલીટ્રી સ્ટેશનમાં જ આ કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજે દિવસે કેસ મળતાં તંત્ર પણ સતર્ક બની ગયું છે.

મળતી વિગતો મુજબ મીલીટ્રી સ્ટેશનમાં ગઈકાલે નોંધાયેલ કેસના દર્દીના પરિવારમાંથી જ આજે કેસ નોંધાયેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ સાથે એક્ટીવ કેસની સંખ્યા વધીને ૭ થઈ છે. આજે નોંધાયેલ મહિલા દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ગ્રામ્યવિસ્તારમાં હાલ ૩૨૮ લોકોને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. તંત્રએ ફરજીયાત માસ્ક, સોશ્યલ ડીસ્ટન્સીંગના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સૂચનાઓ જારી કરી છે.

કોરોના સંક્રમણ ઘટ્યા પછી જે રીતે લોકો બેફિકર બની અને માસ્ક ધારણ કરતા નથી અને સોશ્યલ ડીસ્ટન્સીંગ જાળવતા નહોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે ખાસ કોરોના રસીકરણ માટે અભિયાન

૩૫ સ્થાનો સેશન સાઈટ માટે જાહેર કરાયા : ૨૦થી વધુ ગ્રામ્ય વિસ્તારમાં

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં કોરોના વેક્સિનેશન અભિયાનને વેગ આપવા માટે આજે ખાસ સઘન અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે શહેરમાં આજે સઘન વેક્સિનેશન અભિયાન અંતર્ગત ૩૫ સ્થાનો પર સેશન સાઈટ યોજાશે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૨૦થી વધુ સ્થાનો પર આ સેશન સાઈટ ઉભી કરવામાં આવી છે.

તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે, આ સઘન અભિયાનમાં પ્રથમ ડોઝમાં બાકી રહેલા તેમજ બીજા ડોઝ માટેના લાભાર્થીઓને વેક્સિન આપવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં અત્યાર સુધીમાં ૬,૫૪,૯૬૯ વેક્સિનના ડોઝ આપી દેવામાં આવ્યા છે. આ પૈકી પ્રથમ ડોઝ ૩,૭૬,૪૮૨ લોકોએ અને ૨,૭૮,૪૮૭ લોકોને વેક્સિનના બંને ડોઝ આપવામાં આવ્યા છે. વેક્સિનેશન અભિયાનમાં ૧૮થી ૪૪ વય જૂથના લોકોએ સારો પ્રતિસાદ આપ્યો હોવાનું તંત્રના લૂત્રોએ સ્વીકાર્યું છે.

અત્યાર સુધી ૩,૬૨,૧૦૦ પુરુષો અને ૨,૯૨,૭૩૯ સ્ત્રીઓને વેક્સિન આપવામાં આવી હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે. શહેરમાં મોટાભાગના લોકોએ કોવિશીલ્ડ વેક્સિનને પહેલી પસંદ કરી હોવાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યું છે. શહેરમાં વેક્સિનના બીજા ડોઝની કામગીરી ૯૦ ટકા જેટલી થઈ ગઈ હોવાનું પણ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના તમામ રેકર્ડનું ડિજીટાઈઝેશન પાયલોટ પ્રોજેક્ટ તરીકે કરાશે

(પ્રકાશ જહા) તા. ૨૬

ગાંધીનગર જિલ્લા પંચાયતના તમામ રેકર્ડનું ડિજીટાઈઝેશન કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

રેકર્ડ ડિજીટાઈઝેશન કરવા માટે ૪ જિલ્લા વિકાસ અધિકારીઓની બનેલ સમિતિએ કરેલી ભલામણને આધારે રાજ્ય સરકારે તાપી અને ગાંધીનગર જિલ્લા પંચાયતના તમામ રેકર્ડનું ડિજીટાઈઝેશન કરવાનો પાયલોટ પ્રોજેક્ટ નવા વર્ષના આરંભથી અમલી કરવાનો નિર્ણય લીધો છે.

જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં આ કામગીરી માટે ટીમો આવશે : પ્રથમ પખવાડિયામાં રેકર્ડ વર્ગીકરણ થશે

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં રેકર્ડ ડિજીટાઈઝેશનની કામગીરી માટે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ટીમો આવશે તેમ જાણવા મળેલ છે.

રાજ્ય સરકારે પેપરલેસ સેક્રેટરીએટ સહિત જિલ્લા કચેરીઓ કરવા માટેનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ માટે જૂના રેકર્ડનું ડિજીટાઈઝેશન કરવામાં આવશે. જોકે, આ પાયલોટ પ્રોજેક્ટ કેટલો સફળ રહે છે તેના પર સૌની નજર છે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત વિહતો મુજબ રેકર્ડ ડિજીટાઈઝેશન કરતા પહેલાં આ બંને જિલ્લામાં રેકર્ડનું વર્ગીકરણ કરવાની કામગીરી કરવામાં આવશે. આ પછી આખી કામગીરીનો આરંભ થશે.

એક અંદાજ મુજબ ૧૫મી જાન્યુઆરીથી આ કામગીરી શરૂ થઈ જશે અને ત્રએક માસમાં જ તમામ કામગીરી પુરી થાય તે જોવામાં આવશે. સરકાર જો આ કામગીરી સફળ તો આગામી વિધાનસભાના સત્ર દરમિયાન અન્ય જિલ્લાઓમાં તબક્કાવાર આગળ વધવા માટેના નિર્ણયની જાહેરાત કરી શકે છે.

રાજ્ય સરકારે આ ડિજીટાઈઝેશનની કામગીરી માટે ૪ જિલ્લા વિકાસ અધિકારીઓની એક સમિતિ બનાવી હતી તેણે જિલ્લા પંચાયતોની વિવિધ કામગીરી તેમજ રેકર્ડનો અભ્યાસ કર્યા બાદ ડિજીટાઈઝેશન તબક્કાવાર હાથ ધરવું જોઈએ તેવી ભલામણ કરી હોવાનું આ સુત્રોએ સ્વીકાર્યું છે. આ સમિતિમાં ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી પણ એક સભ્ય તરીકે હતા.

પંચાયતોમાં હવે ૧૫માં નાણા પંચની કામગીરી પણ લગભગ ડિજીટલી બની ચુકી છે. ત્યારે આસહિતની ઘણી બધી કામગીરીનું ડિજીટાઈઝેશન કરવાનું થાય છે અને એટલે જ ત્રણ માસની સમય મર્યાદા આપવામાં આવી હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યું છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતનું રેકર્ડ ડિજીટાઈઝેશન કરવાનો પાયલોટ પ્રોજેક્ટ મંજૂર થતાં પંચાયતના વર્તુળોમાં પણ હર્ષની લાગણી પ્રસરી જવા પામી છે.

આ પાયલોટ પ્રોજેક્ટના અમલીકરણ માટે નૂતન વર્ષના પ્રથમ પખવાડિયામાં તમામ શાળાઓમાં રેકર્ડ વર્ગીકરણની કામગીરી હાથ ધરવામાં આવશે. આ માટેની લગભગ તૈયારીઓ અંગેનું આયોજન પણ કરી દેવામાં આવ્યું છે.

ગાંધીનગર મનપા દ્વારા આજે સે.૨૯ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે સાયકલોથોનનું આયોજન કરાયું હતું. આ સાયકલોથોનને મેયરશ્રી હિતેષ મકવાણાએ લીલીઝંડી બતાવી પ્રસ્થાન કર્યું હતું. સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ આ સાયકલોથોનમાં જોડાયા હતા અને સૌનો ઉત્સાહ વધાર્યો હતો....

રાજ્યમાં કોરોનાનાં નવા ૧૭૭ કેસ નોંધાયા

છેલ્લા ૨૪ કલાકમાં ૬૬ દર્દીઓ સાજા થયા : રાજ્યમાં આજે ૪૧,૦૩૧ દર્દીઓને કોરોનાની રસી આપવામાં આવી

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતમાં કોરોના ફરી એકવાર બેકાબુ થઈ રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં આજે કોરોનાનાં નવા ૧૭૭ કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૬૬ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૧૮,૨૯૮ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ ૯૮.૬૭ ટકાએ પહોંચી ચુક્યો છે. જો કે સરકાર રસીકરણના મોરચે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૪૧,૦૩૧ દર્દીઓને કોરોનાની રસી આપવામાં આવી હતી.

બીજી તરફ જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૯૪૮ એક્ટિવ કેસ છે. જે પૈકી ૧૦ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૯૩૮ સ્ટેબલ છે. ૮,૧૮,૨૯૮ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે.

૧૦૧૧૩ નાગરિકોના અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર છે કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી નિપજ્યું. કુલ ૧૭૭ નોંધાયેલા કેસની જિલ્લા અનુસાર વાત કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં ૫૨, રાજકોટ કોર્પોરેશનમાં ૨૦, વડોદરા કોર્પોરેશન ૧૫, રાજકોટ ૧૨, વલસાડ ૮, સુરત ૫, અમરેલી, ગીર સોમનાથ, ખેડા, કચ્છમાં ૪-૪, બનાસકાંઠા-જામનગરમાં ૩-૩, આણંદ, ગાંધીનગર, ગાંધીનગર કોર્પોરેશન, જુનાગઢ કોર્પોરેશનમાં ૨-૨, અમદાવાદ, ભરૂચ, ભાવનગર, ભાવનગર કોર્પોરેશન જામનગર, મહેસાણા, નવસારી, પંચમહાલ, સાબરકાંઠા, તાપી અને વડોદરામાં ૧-૧ કેસ સામે આવ્યો છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર અને ફ્રન્ટલાઇન વર્કર્સ પૈકી ૩ને પ્રથમ ૯૨ ને બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૧૪૭૨ને પ્રથમ અને ૮૩૫૫ ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૫૫૯૭ને પ્રથમ અને ૨૫૫૧૨ને રસીનો બીજો ડોઝ અપાયો હતો. આ પ્રકારે કુલ ૪૧,૦૩૧ રસીના ડોઝ અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૮૧,૯૬,૨૩૦ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com